Seat No. : _______________

# LF-121

**April-2014**

## B.A. (Sem.-VI)

## CC-313 : Gujarati

## (Sahitya Vivechanna Siddhanto)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. અભિધા, લક્ષણા અને વ્યંજના શક્તિનો પરિચય કરાવી, લક્ષણાના પ્રકારોની ઉદાહરણ સહિત ચર્ચા કરો. **14**

   **અથવા**

   પ્લેટો અને એરિસ્ટોટલના સંદર્ભમાં અનુકરણનો સિદ્ધાંત સમજાવો.

2. નીચેનામાંથી કોઈપણ **બે** વિશે નોંધ લખો : **14**

   (1) કાવ્યમાં અલંકારનું સ્થાન

   (2) કાવ્યમાં છંદ-ગેયતા-લય

   (3) કલ્પન અને પ્રતીક

   (4) પુરાકલ્પન

3. નીચે આપેલા સાહિત્ય સ્વરૂપોમાંથી કોઈપણ **એક**નો વિગતે પરિચય કરાવો : **14**

   (1) નવલકથા

   (2) નાટક

   (3) ખંડકાવ્ય

   (4) સૉનેટ

4. 'પ્રત્યાયન નહિ, તો સાહિત્ય નહિ' – આ વિધાનની ચર્ચા કરી, સાહિત્યમાં તે કેટલે અંશે અનિવાર્ય છે તે જણાવો. **14**

   **અથવા**

   નીચેનામાંથી કોઈપણ **બે** ટૂંકનોંધ લખો :

   (1) સર્જન અને ભાવન

   (2) કારયિત્રી અને ભાવયિત્રી પ્રતિભા

   (3) શીલ તેવી શૈલી

   (4) વિવેચનની પદ્ધતિઓ

5. નીચે આપેલા પ્રશ્નોના માગ્યા પ્રમાણે સાચો વિકલ્પ શોધીને જવાબ લખો : **14**

(1) સાક્ષાત્ સંકેતિત અર્થ આપતી શક્તિ કઈ છે ?
(a) અભિધા (b) લક્ષણા
(c) વ્યંજના (d) તાત્પર્યવૃત્તિ

(2) નીચેનામાંથી લક્ષણાના પ્રવર્તન માટેની શરત કઈ નથી ?
(a) મુખ્યાર્થબાધ (b) સદ્‌યોગ
(c) રૂઢિ અને પ્રયોજન (d) યોગરૂઢિ

(3) વ્યંજનાના મુખ્ય બે પ્રકારો કયા છે ?
(a) ઉપમા-ઉપમેય (b) શુદ્ધા અને ગૌણી
(c) ઉપાદાન અને લક્ષણા (d) શાબ્દી અને આર્થી

(4) અનુકરણ એટલે 'નકલ' એવું મંતવ્ય કોનું છે ?
(a) સોક્રેટીસ (b) પ્લેટો
(c) એરિસ્ટોટલ (d) એરિસ્ટોફેનિસ

(5) 'કાવ્યશોભાકરાન્ ધર્માન્ અલંકારાન્ પ્રચક્ષતે' – આ વ્યાખ્યા કોણે આપી છે ?
(a) ભામહ (b) દંડી
(c) આનંદવર્ધન (d) વામન

(6) અંગ્રેજી 'Symbol' ના પર્યાય તરીકે ગુજરાતીમાં કયો શબ્દ પ્રચલિત બન્યો છે ?
(a) પ્રતીક (b) કલ્પન
(c) પુરાકલ્પન (d) આદિકથા

(7) નવલકથા 'પૉકેટ થિયેટર' છે એવું કોણે કહ્યું છે ?
(a) કેફર્ડ (b) શેવેલી
(c) થોમસ હાર્ડી (d) ટૉલ્સટોય

(8) ટૂંકીવાર્તાને 'તણખો' કોણે કહી છે ?
(a) દ્વિરેફ (b) ધૂમકેતુ
(c) સુંદરમ્ (d) ઈશ્વર પેટલીકર

(9) નીચેનામાંથી દૃશ્ય અને શ્રાવ્ય સ્વરૂપ કયું છે ?
(a) નવલકથા (b) નવલિકા
(c) નાટક (d) આત્મકથા

(10) દુન્યવી પ્રેમને વ્યક્ત કરતી ગઝલને શું કહેવાય ?
(a) ઈશ્કે હકીકી (b) ઈશ્કે મિજાજી
(c) આધ્યાત્મિક (d) પરંપરિત

(11) 'પ્રત્યાયન નહિ, તો સાહિત્ય નહિ' – એવું કોણ કહે છે ?
(a) ફ્લોબેર (b) કાફકા
(c) એબરક્રોમ્બી (d) કામૂ

(12) પ્રતિભાના બે પ્રકાર કોણે પાડી આપ્યા છે ?
(a) ક્રોચે (b) કુંતક
(c) અભિનવગુપ્ત (d) રાજશેખર

(13) 'શૈલી એ કાંઈ ઝભ્ભો નથી કે ઉતારીને તેને બાજુએ મૂકી શકાય' આ વિધાન કોનું છે ?
(a) કાર્લાઈલ (b) વર્સફોલ્ડ
(c) મિડલટન (d) કૈય્યટ

(14) સાહિત્યના ઈતિહાસની દૃષ્ટિએ કૃતિ કે સાહિત્યકારનું મૂલ્યાંકન કરવું એટલે કઈ પદ્ધતિ ?
(a) ઐતિહાસિક (b) તુલનાત્મક
(c) વર્ણનાત્મક (d) કૃતિલક્ષી

---